Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

કાર્તક

પુસ્તક ૭૩ મું
અંક ૧ લો
૧૦ મી નવેમ્બર

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩
ઈ. સ. ૧૯૫૬

जहा य अंडप्पभवा बलागा,
अंडं बलागप्पभवं जहा य ।
एमेव मोहाययणं खु तण्हा,
मोहं च तण्हाययणं वयन्ति ॥

જેમ બગલી ઈંડામાંથી જન્મે છે અને ઈંડું બગલીમાંથી જન્મે છે તેમ તૃષ્ણા મોહની માતા છે અને મોહ તૃષ્ણાનો પિતા છે. એમ જ્ઞાની પુરુષો કહે છે.

दुक्खं हयं जस्स न होइ मोहो,
मोहो हओ जस्स न होइ तण्हा ।
तण्हा हया जस्स न होइ लोहो,
लोहो हओ जस्स न किंचणाइं ॥

જેના ચિત્તમાં મોહ નથી તેનું દુઃખ હણાઈ ગયું—છેદાઈ ગયું, જેના ચિત્તમાં તૃષ્ણા, વાસના, આશા નથી તેનો મોહ કપાઈ ગયો, જેની તૃષ્ણા કપાઈ ગઈ તેને લોભ થવાનો સંભવ નથી અને જે પોતાની પાસે કશું જ રાખવાની કે લેવાની વૃત્તિ ધરાવતો નથી તેનો લોભ કપાઈ ગયો—નાશ પામી ગયો.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૩ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणीका


૧. શ્રી જૈન ધરમ પ્રકાશ જયવંતુ રહો .... (શ્રી દુર્લભદાસ ત્રિ. દોશી) ૧
૨ श्री जैन धर्म प्रकाश चिरंकाल अमर रहो ! .... (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) ૨
૩ નૂતન વર્ષારંભ .... .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૩
૪ શ્રી નવકાર મહામંત્ર પદ .... .... (શ્રી ચીમનલાલ ભોગીલાલ) ૪
૫ નૂતન વર્ષાભિનંદન .... .... (શ્રી અમરચંદ કુંવરજી શાહ) ૫
૬ પત્રમાં તત્ત્વજ્ઞાન .... .... (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૭
૭ ચાર અનુયોગસ્થાપક દશપૂર્વી : : (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૦
૮ અમૃત .... .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૩
૯ દુષ્ટને સજ્જન કેવી રીતે બનાવાય ? ....(મુનિશ્રી મહાપ્રભવિજયજી) ૧૫ તથા ટા. પે. ૩-૪


## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક શ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ સં. ૨૦૧૩ ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ જે ગત આસો માસના અંક સાથે મોકલવામાં આવેલ છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

## દુગ્ધપાન : જ્ઞાનપંચમી મહોત્સવ અને પૂજા

સં. ૨૦૧૩ ના કાર્તિક શુદી ૧ ને શનિવારના રોજ સવારના સભાના મકાનમાં જ્ઞાનપૂજન કરવામાં આવેલ, જે સમયે ઘણા સભાસદ બંધુઓએ હાજરી આપેલ. તેમજ સભાના પ્રમુખ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠ તરફથી કરવામાં આવેલ દુગ્ધપાનને ન્યાય આપવામાં આવેલ.

કાર્તિક શુદિ પાંચમ ને બુધવારના રોજ સભાના હોલમાં [illegible] મનોહર જ્ઞાન-રચના કરવામાં આવેલ, જ્યારે સ્ત્રી-પુરુષોએ તેના દર્શનનો લાભ [illegible] કાર્તિક શુદ ૭ ને શુક્રવારના રોજ સભાના જ્ઞાન સમીપે શ્રી પંચજ્ઞાનની [illegible] પૂજા ભણાવવામાં આવેલ, જેનો પણ સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય [illegible] લાભ લીધો હતો.

## આવતો અંક

સં. ૧૯૫૩ થી "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકની [illegible] અંગેની પહેલી તારીખ મંજૂર થઈને આવવાથી હવે પછીનો [illegible] માસનો અંક સંયુક્ત અંક તરીકે તા. ૧ લી જાન્યુઆરી ૧૯૫૭ ના રોજ પ્રસિદ્ધ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૩ મું
અંક ૧ લો

કારતક

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩

શ્રી જૈન ધરમ પ્રકાશ

શ્રી અને સરસ્વતીતણો, જગમાં અતિ વિરોધ;
જૈની જન પામે કદા, તેહતણો સંયોગ. ૧

નહિ કદાપિ શ્રીથકી, પૂરણ-ફળ સંતોષ;
ધર્મ વિનાના જીવડા, વાધે લોભ હંમેશ. ૨

રહે સદા નિમગ્ન નિજ, પરમ લક્ષની પેર;
મન રાખે જો મોકળું, વાધે નહિ કદી વેર. ૩

પ્રકાશ પામે સદ્દજ્ઞાનથકી, નાઠે તિમિર અજ્ઞાન;
કાર્યસિદ્ધિ તેહ પાસ, ધરે જે સદ્ધ્યાન. ૪

શમન કરીને ક્રોધનું, રાખે સમતા ધીર;
જગમાંહી તે જાણવા, પરમ ધીર ને વીર. ૫

યદા આવે સંકટ શિરે, દે કર્મને દોષ;
વંચક એ નિમિત્ત છે, કર્મના વિવિધ વેષ. ૬

તુલ્ય ગણીને સર્વ જન, રાખે સર્વ પર સ્નેહ;
રહે જગતમાં જીવડાં, કર્મ ધર્મ સંજોગ. ૭

હો જગમાં જય સત્યનો, અસત્ય થાઓ ચૂર્ણ;
ૐ અક્ષરના ધ્યાનથકી, પામો શાંતિ પૂર્ણ. ૮

શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી.

જય વંતુ રહો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश चिरंकाल अमर रहो

(અહા કેવું ભાગ્ય જાગ્યું-એ રાગ : હરિગીત છંદ)

શ્રી વીર જિનેશ્વર પય નમીને, સમરું માતા શારદા;
જૈન ધર્મ પામવો તે, અભવીને વિકટ અતિ. ૧

નવ મળે મનુષ્યભવ, દેવને પણ દુલહો;
ધર્મ વિન સંસાર રખડે, જેહને ચાર ગતિ કહો. ૨

રસનાથકી વિનય ભાવિત, શુદ્ધ :શબ્દો ઉચ્ચરો;
મનમાં કદી ન દ્વેષ ધરવો, પ્રમાદને કાઢો પરો. ૩

પ્રભુતણું પ્રવચન સુણી, અંતરમાં ઉતારજો;
કાટ અનાદિનો દૂર કરીને, શ્રાવકપણું સુધારજો. ૪

શક્તિ કદી ન ગોપવો, તન મન ધનતણી નકી;
ચિરં કાળ ષટ્ક્રિયા કરો, શુદ્ધ જે સમકિતથકી. ૫

રંગ જામે દુખ વામે, મોક્ષ પામે તવ એહથી;
કારમા ઘોર કર્મ નાસે, ધાર્મિક ક્રિયાના સ્નેહથી. ૬

લક્ષમાં લઇ દેવપૂજા, ગુરુ ઉપાસના નિત પ્રતે;
અહંકાર તજી સ્વાધ્યાય કરો, નિત્ય તુમ શક્તિ છતે. ૭

મન મર્કટને વશ કરજો, સંયમ તપથી વારીને;
રસના પાણીથી દાન દઈ, શુદ્ધ ઉપયોગ ધારીને. ૮

રટના પ્રભુના નામની, વીર ચોવીસસો ત્રાશીએ;
હોશે પૂર્ણ ભાગ્ય ભાસ્કર, શીખ સુણજો ખાસી એ. ૯

મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષાભિનંદન

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" વિ. સં. ૨૦૧૩ ના સુપ્રભાતે બોંતેર વર્ષનું સુદીર્ઘ આયુષ્ય પૂર્ણ કરીને શાસનદેવની પરમકૃપાથી તોંતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે એ અમારે મન હર્ષદાયક હકીકત છે. સ્વર્ગસ્થ પુણ્યનામધેય શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીએ સિંચન કરેલ સુબીજને અંગે માસિક પોતાની "નિયમિતતા" જાળવી શક્યું છે તે પણ અમારે મન ગૌરવનો વિષય છે.

"શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ખરેખર આભૂષણ-રૂપ તો તેનો માનવંતો લેખકગણ જ છે અને તેમાંય ખાસ કરીને પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય, મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી, આ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી, મુનિરાજશ્રી રુચક-વિજયજી તેમજ શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર", રાજમલ ભંડારી, માસ્તર ખૂબચંદ કેશવલાલ, ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયા, ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ, ભોજક મોહનલાલ ગિરધરલાલ તથા દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી, માસિકને "પોતાનું" ગણીને જે સહકાર આપે છે તે માટે તે સર્વનો તેમજ અન્ય લેખક-બંધુઓના આભાર વ્યક્ત કરી, આશા રાખીએ છીએ કે નવા વર્ષમાં પણ માસિકને વિશેષ રસપ્રદ અને સુવાચ્ય બનાવવા માટે પોતાનો લેખન—ફાળો અર્પતા રહેશે.

વર્ષોથી અમારી ભાવના છે કે આજે જેટલાં પૃષ્ઠોનું વાંચન આપવામાં આવે છે તેમાં વધારો કરવો પરંતુ કાગળના ઊંચા ભાવો અને છાપકામની મોંઘારત અમારી અભિલાષાને અટકાવી રહી છે. સમય અનુકૂળ થયે અમે વિશેષ વાંચન આપવા ઉત્સુક રહીશું.

ગતવર્ષમાં સભાના સભાસદ બંધુઓને તેમજ "શ્રી જૈન ધર્મ પ્રકાશ" ના ગ્રાહક બંધુઓને ભાવનગરનિવાસી ભાઈશ્રી વાડીલાલ જીવરાજ-ની સહાયથી પ્રસિદ્ધ કરવામાં આવેલ "પ્રાતઃ-સ્મરણ અને સ્નાત્રપૂજા" નામનું પુસ્તક ભેટ તરીકે આપવામાં આવેલ છે. શ્રી વાડીલાલ-ભાઇએ પોતાની સુકૃતની કમાણીનો જ્ઞાન-પ્રચાર અને શ્રુતભક્તિ માટે જે સદ્વ્યય કર્યો છે તે માટે તેમજ સભા પરત્વેની તેમની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ. આવી જ રીતે સુકૃતની કમાણીનો સદ્વ્યય કરવા તેમજ જ્ઞાનપ્રચારના પુસ્તકો છપાવવા માટે સહાય કરવા અમો સમાજના શ્રીમંત બંધુઓને વિજ્ઞપ્તિ કરીએ છીએ. કેટલાક પુસ્તકો છપા-વવાની વિચારણા થઈ રહી છે, તેમાં જેમ જેમ રકમની સહાયતા મળશે તેમ તેમ તેનો તાત્કાલિક અમલ કરવાની અમારી ભાવના છે.

શ્રી ઊંઝા ફાર્મસી લિ. ના માલિક શેઠશ્રી ભોગીલાલભાઇ નગીનદાસ પણ પ્રતિવર્ષ પોતાના તરફથી પંચાંગ છપાવી સભાના મેમ્બરો તથા ગ્રાહકબંધુઓને ભેટ આપવા માટે મોકલે છે તે માટે પણ તેઓશ્રીનો આભાર પ્રદર્શિત કરીએ છીએ.

ગતવર્ષમાં અત્રેના કૃષ્ણનગરના જિનાલયમાં જે ત્રણ જિનબિંબો હતો તે તેમજ બીજા બે જિનબિંબો મળી કુલ પાંચ જિનપ્રતિમાઓ ત્યાંના જ નૂતન શિખરબંધી જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવા માટે એક મહોત્સવ ચૈત્રવદમાં યોજવામાં આવ્યો હતો અને વૈશાખ શુદી ત્રીજના રોજ મંગળોચ્ચારપૂર્વક જિનબિંબોને ગાદીનશીન કરવામાં આવેલ. બપોરના શાંતિસ્નાત્ર પણ ભણાવવામાં આવ્યું હતું. એકંદરે આ શુભ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગ પરમપૂજ્ય મુનિરાજશ્રી ચંદ્રકાંતસાગરજી તથા પ. પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં સારી રીતે નિર્વિઘ્ને પાર પડ્યો હતો.

સભાની વાર્ષિક તિથિ શ્રાવણ શુદ ત્રીજના રોજ પંચોતેરમી વર્ષગાંઠ ઉજવવા માટે સભાના સભાસદબંધુઓ વિશાળ સંખ્યામાં શીહોર મુકામે ગયા હતા. અને ત્યાં સ્ટેશન પરની ધર્મશાળામાં બપોરના પૂજા ભણાવી સાંજના પ્રીતિભોજન કરવામાં આવ્યું હતું. સભાની સ્થાપનાને પંચોતેર વર્ષ થયા છે એટલે તેને લગતો ભવ્ય મહોત્સવ ઉજવવા માટે કાર્યવાહકો વિચારી રહ્યા છે. અનુકૂળ સમયે તેને લગતી કાર્યવાહી રજૂ કરવામાં આવશે.

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકમાં માત્ર ધાર્મિક અને નૈતિક લેખોને જ સ્થાન અપાય છે અને વિવાદાત્મક પ્રશ્નો કે ચર્ચાથી તે નિરાળું રહે છે એટલે સમાજમાં તેનું સ્થાન મોભાભર્યું છે અને પૂજ્ય મુનિરાજ ગણ પણ તેને આદરની ભાવનાથી જુએ છે તે જાણી અમે આનંદની ઊર્મિ અનુભવીએ છીએ. "પ્રકાશ" નું ધ્યેય જૈન ધર્મનો પ્રસાર છે. લગભગ બે વર્ષથી સભામાં ધાર્મિક વાંચનને પુષ્ટિ મળે અને ધાર્મિક વાંચનની ભૂખ જાગે તે માટે "અભ્યાસ મંડળ" એક વર્ગ ચલાવે છે, જેમાં દર રવિવારે સારી એવી સંખ્યા આ વર્ગનો લાભ લે છે. હાલતુરત માટે શ્રી આનંદઘનજીની ચોવીશી અંગે શ્રીયુત શામજી હેમચંદ દેસાઈ પોતાની સુંદર શૈલીથી વિવેચન કરી રહ્યા છે. આ અભ્યાસમંડળમાં શ્રોતાજનોની સંખ્યા દિવસે દિવસે વૃદ્ધિ પામતી રહી છે, એ એક સુચિહ્ન છે.

આપણો સમાજ વ્યાપારપ્રધાન સમાજ છે, હાલની સરકારી નીતિ-રીતિને કારણે તેમાં ઓટ આવી રહ્યો છે. સમાજે હવે ઉદ્યોગને પ્રાધાન્ય સ્થાન આપવું પડશે.

કેળવણી એ પણ આ યુગનું આવશ્યક અંગ બન્યું છે એટલે સમાજે બંને દિશામાં સારી રીતે પ્રગતિ કરવી પડશે. બહેનોને સ્વાશ્રયી બનાવવા માટે ગૃહઉદ્યોગને વિકસાવવો પડશે. સમાજના યુગની આ સમસ્યાઓ ત્વરિત ઉકેલ માગે છે. સમાજના નાયકોએ આ દિશામાં સક્રિય આંદોલન શરૂ કરવું એ હિતાવહ છે.

પ્રાંતે, અમારા કાર્યમાં જે જે મહાનુભાવોએ કોઈ ને કોઈ પ્રકારે જે સહકાર આપ્યો છે, તે માટે આભાર પ્રદર્શિત કરી, વિક્રમનું નવું સંવત્સર સૌ કોઈને સુખરૂપ નીવડો એમ પ્રાર્થી વિરમું છું.

અમરચંદ કુંવરજી શાહ


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પત્રમાં તત્ત્વજ્ઞાન

પંન્યાસશ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

વિભિન્ન સ્થળે રહેલા એક બીજાનો સમ્પર્ક સાધવાનું અતિ ઉપયોગી સાધન પત્ર છે. પત્ર શરૂઆત માટે અનેક પ્રકારની વિવિધ કલ્પનાઓ કરવામાં આવે છે પણ માનવ જાતનો વ્યવહાર જેટલો જુગજૂનો છે તેટલો જ પત્ર પણ જુગજૂનો છે. પત્રો અનેક પ્રકારના લખાય છે. તેમાં પણ પ્રાચીન યુગ કરતાં વર્તમાન યુગમાં પત્રલેખનની પ્રવૃત્તિ અને વિવિધતા ખૂબ પ્રમાણમાં વધી છે.

પત્ર લખવાના કારણો હજારો છે તેમાં વર્તમાનમાં મુખ્યત્વે વેપાર, વ્યવહાર અને સ્નેહ એ ત્રણ કારણોથી પત્રો લખાય છે. એ સિવાયના પત્રો જૂજ છે. પ્રાચીન સમયમાં પણ વિશિષ્ટ પત્રો તો વિરલ જ લખાતા, એ વિશિષ્ટ પત્રોમાં પણ જે પત્રોમાં તત્ત્વજ્ઞાન ભર્યું હોય એવા પત્રો જોવા પણ દુર્લભ થઇ પડે એમ છે.

પત્ર સાહિત્યમાં અમર સ્થાને મૂકી શકાય એવા તત્ત્વજ્ઞાનથી ભરપૂર બે પત્રો પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજશ્રીના લખેલા છે.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સોળમી સદીના ઉત્તરાર્ધ અને સત્તરમી સદીના પૂર્વાર્ધના અનન્ય વિદ્વાન્ અને અદ્વિતીય ગ્રંથકાર છે. તેમની કલમથી લખાએલ વિવિધ સાહિત્ય સચોટ અને હૃદયંગમ છે. તેઓશ્રીના આ બંને પત્રો **ખંભાતથી** જેસલમેર લખાયેલા છે.

જેમના ઉપર એ પત્રો લખાયેલા છે તે શ્રાવકોના નામ છે–શા. હરરાજ તથા શા. દેવરાજ.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ અને આ શ્રાવકો વચ્ચે પત્રવ્યવહાર હશે એમ આ બંને પત્રો પરથી જણાય છે. પત્રવ્યવહારમાં મુખ્યત્વે જ્ઞાનચર્ચા ચાલતી હશે એ પણ આ પત્રોથી સમજાય છે.

પ્રસ્તુત બંને પત્રો તે શ્રાવકોના આવેલા કાગળના જવાબરૂપે લખાયેલા છે. તે શ્રાવકોએ પૂજ્ય ઉપાધ્યાયજી મ૦ ઉપર પત્ર કેવા પ્રકારે લખેલ એ ઉપલબ્ધ નથી છતાં આ પત્રો ઉપરથી તેમના પૂછેલા પ્રશ્નોનો ખ્યાલ આવી જાય છે.

પ્રસ્તુત બંને પત્રો આ પ્રમાણે છે–તેમાં પ્રથમ પત્રની શરૂઆતમાં કાગળ ઉપર 'શ્રી જિનાય નમ:' એ પ્રમાણે છે.

પછી નીચે પ્રમાણે પ્રારંભ કરેલ છે.

–स्वस्ति श्रीस्तम्भनकपार्श्वजिनं प्रणम्य श्रीस्तम्भतीर्थनगरत: श्रीजेसलमेरुमहादुर्गे न्यायाचार्योपाध्याय श्रीयशोविजयगणय: सपरिकरा: सुश्रावक–पुण्यप्रभावक–श्रीदेवगुरुभक्तिकारक–श्रीजिनाज्ञाप्रतिपालक–गीतार्थपरम्पराप्राप्तसामाचारीरुचिधारक-आगमाध्यात्मविवेककारक–मोक्षैकतानसर्वावसरसावधान–शा. हरराज, शा देवराज योग्यं धर्मलाभपूर्वकं लिखितम्.

પત્રની શરૂઆતમાં ઘણી વિશેષતાઓ સમાએલી છે.

(૧) પત્રના પ્રારંભમાં ઇષ્ટદેવને નમસ્કાર કરવો જરૂરી છે. વર્તમાનમાં પણ એ પ્રવૃત્તિ પત્ર લખતાં કેટલેક સ્થળે જળવાઇ રહેલી જોવામાં આવે છે.

વિશિષ્ટ પ્રસંગોએ લખાતી કુમકુમ પત્રિકા એ પણ એક પત્રનો પ્રકાર છે. તેમાં શરૂઆતમાં ઇષ્ટદેવને નમસ્કાર કરવામાં આવેલ હોય છે. વિશિષ્ટ પ્રસંગની પત્રિકા હોય અને તેમાં શરૂઆતમાં ઇષ્ટદેવને નમસ્કાર કરાએલો ન હોય તો તે પત્રિકા અધૂરી લાગે છે અને એ ખામી ખટક્યા કરે છે. જો કે હવે નાના નાના પ્રસંગોની પત્રિકાઓ મુદ્રણકાર્યની વિપુલતા વધવાને કારણે પુષ્કળ બહાર પડે છે. તે નાની પત્રિકાઓમાં કેટલીકમાં ઇષ્ટદેવને નમસ્કાર કર્યો હોય છે તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીકમાં નથી કર્યો હોતો, પણ નાની કે મોટી પત્ર-પ્રવૃત્તિમાં ઇષ્ટદેવને નમસ્કાર કરવો જરૂરી છે, એમાં શિષ્ટતા છે અને વિશિષ્ટતા પણ છે.

વર્તમાન યુગ એક રીતે ઉભડકીયો યુગ ગણાવી શકાય. ખાવું-પીવું, બેસવું-ઊઠવું, સૂવું-હરવુ-ફરવું બધું ઉભડકીયું-અધ્ધરીયું આ યુગમાં જોવામાં આવે છે-એટલે ઉભડકીયું લખાણ પણ વધેલું જોવામાં આવે પણ એ શિષ્ટ-વિશિષ્ટ તો નથી.

ઇષ્ટ નમસ્કારથી સ્થિરતા વ્યક્ત થાય છે.

(૨) જે ગામથી પત્ર લખવાનો હોય તે ગામનું નામ લખવું જરૂરી છે. તે આ પત્રમાં છે. **ખંભાત** એ ચાલુ નામ હોવા છતાં શિષ્ટ ભાષામાં **સ્તમ્ભતીર્થ** એ પ્રમાણે નામ પ્રચલિત હતું અને છે. જેઓનો વાસ નિયત અને પ્રસિદ્ધ હોય તેઓ કદાચ પત્રમાં કોઇ વખત ગામનું નામ ન લખે તો ચાલી શકે પણ જેઓ અનિયત વસે છે તેઓએ તો પત્ર ક્યાંથી લખે છે તે અવશ્ય જણાવવું જોઇએ.

ઘણાને પત્રમાં પોતે ક્યાંથી લખે છે એ લખવાની ટેવ નથી હોતી તેથી મહત્ત્વના પત્રમાં પણ એ ખામી સાલે છે એટલું જ નહિ પણ કોઇ મહત્ત્વના સમાચાર મોકલવા હોય તો તેઓ ક્યાં હશે? એ ચિંતા જેમના ઉપર એ પત્ર લખાયો હોય છે તેઓને થતી હોય છે. પત્ર લખનારનું ઠેકાણું મેળવવા તેઓને પ્રયત્ન વિશેષ કરવો પડે છે એમ છતાં ગામ-વગેરે ન મળે ત્યારે કાર્ય જતું કરવું પડે છે. શરૂઆતમાં ગામનું નામ લખવાથી ઉપરની ઘણી હકીકતો પતી જાય છે.

આ કાગળમાં-'श्रीस्तम्भतीर्थनगरतः' એ પ્રમાણે પંચમી વિભક્તિનો પ્રયોગ છે એટલે પત્ર ખંભાતથી લખાયો છે એ પણ સ્પષ્ટ થઇ જાય છે. કેવળ એમ ને એમ ગામનું નામ હોત તો સંદેહ પણ થવાની સંભાવના રહે.

(૩) ગામના નામ પછી જેમના ઉપર પત્ર લખવાનો છે તેમના ગામનું નામ છે. આ નામ પણ લખવું જરૂરી છે. એ નામ કેટલીક વખત આગળ-પાછળ પણ લખવાનો વ્યવહાર છે. કુમકુમ પત્રિકામાં એ પદ્ધતિ જોવાય છે.

વર્તમાન યુગમાં પત્રો પહોંચાડવાની સ્વતંત્ર વ્યવસ્થા છે. લાખો-કરોડો પત્રો એ વ્યવસ્થા દ્વારા એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડવામાં આવે છે. તેમાં જે સ્થળે પત્ર પહોંચાડવાનો હોય છે ત્યાંનું સાંગોપાંગ લખાણ લખવાની સ્વતંત્ર વ્યવસ્થા હોય છે. એ અલગ સ્વતંત્ર સ્થળ પર નામ-ઠેકાણું-ગામ-વગેરે લખાય છે. એ લખાણને "શિરનામું" કહેવામાં આવે છે. શિરનામું જેટલું વ્યવસ્થિત લખાયું હોય તેટલી પત્ર પહોંચાડનારને વિશેષ અનુકૂળતા રહે છે. કેટલાક શિરનામું ગરબડીયું-અવ્યવસ્થિત કરતા હોય છે. કેટલાક ઉતાવળી પ્રકૃતિના માણસો શિરનામામાં કેટલુંક અગત્યનું લખાણ ભૂલી જતા હોય છે. કેટલાક તો જે ગામ પત્ર મોકલવાનો હોય છે તે ગામનું નામ પણ લખવું ભૂલી જતા હોય છે. આવી સ્થિતિમાં જેઓએ એ પત્રો પહોંચાડવાની જવાબદારી લીધી છે તેઓ તે પત્રની અંદરના લખાણ ઉપરથી ગામ-નામ-ઠેકાણું વગેરે શોધી કાઢે છે. અને પત્ર પહોંચતો કરે છે. આ વ્યવસ્થા જે સ્થળે થાય છે તે સ્થળને 'ડેડલેટર ઓફિસ' કહે છે. મોટા શહેરમાં એ સ્થળ રહે છે અને ત્યાંથી સર્વ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. જો કાગળની અંદર ગામનું નામ ન હોય તો એ વ્યવસ્થા કરનારાને પણ ખબર પડે નહિં, છતાં અમુક વખત સુધી એવા કાગળોને તેઓ સાચવી રાખે છે અને પછીથી તેનો નાશ કરવામાં આવે છે.

સામાન્ય-નજીવી ભૂલને કારણે કોઈ વિશિષ્ટ પત્રનો નાશ ન થાય એ માટે ગામનું નામ-બન્ને તરફનું લખવું જરૂરી છે.

(૪) એ પછી પત્રમાં જેઓ પત્ર લખનાર છે તેઓનું નામ છે. આ નામ લખવાની શિષ્ટ રીત આ પ્રમાણે ચાલુ છે.

પત્ર લખનાર અને પત્ર જેના ઉપર લખવાનો

For Private And Personal Use Only

છે તે–એ બેમાં એક વડીલ હોય અને બીજા નાના હોય એ સ્વાભાવિક છે.

પત્ર લખનાર વડીલ હોય તો તેઓ પોતાનું નામ પ્રથમ લખે અને પછી જેના ઉપર લખવાનું છે તેનું નામ લખે.

પત્ર જેના ઉપર લખવાનો છે તેઓ જો વડીલ હોય તો તેમનું નામ પ્રથમ લખીને પછી પોતાનું નામ લખે.

વર્તમાનમાં જેના ઉપર પત્ર લખવાનો હોય છે તેનું નામ ઉપર લખીને પત્ર પૂરો કર્યા પછી નીચે પોતાનું નામ લખવાની રીતિ–પ્રચલિત રીતિ અજુગતી ન જણાતી હોય તેથી તે વ્યાજબી કે શિષ્ટ છે એમ કહી શકાય નહિ.

અહિં પત્ર લખનાર વિશિષ્ટ મુનિ છે–ઉપાધ્યાયજી મહારાજ છે. જેમના ઉપર પત્ર લખવાનો છે તેઓ શ્રાવક છે. એટલે તેઓશ્રીએ પોતાનું નામ પ્રથમ લખ્યું છે તે ઉચિત છે.

પત્ર લખનારે પોતે પોતાનું નામ કઈ રીતે લખવું એ પણ એક સમજવા જેવું છે. કેટલાક પોતાનું નામ ટૂંકમાં લખે છે જ્યારે કેટલાક સંપૂર્ણ લખે છે. ટૂંકમાં નામ લખવું એ સમુચિત નથી. નામ પૂરું લખવાથી ઔચિત્ય જળવાય છે. તેમાં લખનાર પોતે વડીલ હોય તેમણે તો પોતાનું નામ પૂરું લખવું એ વિશેષ કરીને આવશ્યક છે.

નામ જ્યારે પોતાનું લખવાનું હોય ત્યારે પોતાની યોગ્યતાસૂચક કેટલાક વિશેષણો હોય છે તે વાપરવા કે નહિ? એ પણ સમજવા જેવું છે. સામાન્ય રીતે શિષ્ટ મત એવો છે કે નામ માત્ર લખવું પણ વિશેષણો ન વાપરવા પણ કેટલીક વખત કાર્યવિશેષની સિદ્ધિને માટે તે તે વિશેષણો વાપરવા એ વ્યાજબી છે. તેમાં ઔચિત્યનો ભંગ થતો નથી પરંતુ ઔચિત્ય જળવાય છે. એ હકીકત અહિં "ન્યાયાચાર્યોપાધ્યાય–' એ લખેલ છે તેથી સ્પષ્ટ થાય છે. એ જ પ્રમાણે પોતાના નામને બહુવચનમાં વાપરીને પણ તેમણે પત્રની વિશેષતામાં વધારો કરેલ છે. પોતાનું નામ બહુવચનમાં મૂકવાનું વિધાન વ્યાકરણશાસ્ત્રે પણ જણાવ્યું છે.

(૫) પત્રમાં શ્રાવકો અંગે જે વિશેષણો વપરાયા છે તે–પત્રનો આગળ ઉપર આવતો ભાગ જોતાં ખરેખર સાર્થક છે એ સ્પષ્ટ થાય છે. કેવળ શ્રાવકને સારું લગાડવા ખાતર નથી લખાયું એ પણ પત્ર વાંચતા જણાઈ આવે છે.

શ્રાવકો માટે આઠ વિશેષણો છે.

(૧) સુશ્રાવક, (૨) પુણ્યપ્રભાવક, (૩) શ્રી દેવ-ગુરુભક્તિકારક, (૪) શ્રીજિનાજ્ઞાપ્રતિપાલક, (૫) ગીતાર્થ–પરમ્પરાપ્રાપ્ત સામાચારીરુચિધારક, (૬) આગમાધ્યાત્મવિવેકકારક, (૭) મોક્ષૈકતાન, (૮) સર્વાવસરસાવધાન.

આ આઠ વિશેષણોથી વિશિષ્ટ શ્રાવકો કેવા હોય એ સ્પષ્ટ થાય છે.

વિશેષણો સામાન્ય રીતે સ્પષ્ટ અર્થવાળા છે, છતાં છઠ્ઠું વિશેષણ તે સમયના વાતાવરણનું સૂચક જણાય છે.

આગમ અને અધ્યાત્મનો વિવેક ન જળવાય તો આત્મા કર્યું કારવ્યું હારી જાય. તે સમયે અધ્યાત્મના આડંબરીઓનું જોર હતું અને કેટલાક ભણેલા એ બાજુ ખેંચાઈ જતા હતા. આ બન્ને શ્રાવકો માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજના હૃદયમાં કેવો સુન્દર સદ્ભાવ છે એ ઉપરના આઠે વિશેષણોથી સ્પષ્ટ જણાય છે.

હૃદયમાં ગુરુમહારાજને રાખવા એ પ્રબલ પુણ્યની નિશાની છે, પણ ગુરુમહારાજના હૃદયમાં સ્થાન મેળવવું એ તો અતિ પ્રબલ પુણ્ય હોય ત્યારે જ બને. આ શ્રાવકો એ રીતે ભાગ્યશાળી બન્યા છે. ધન્ય છે તેમને! પછીથી પત્ર શરૂ થાય છે. (ચાલુ)

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**–ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાર અનુયોગસ્થાપક—દશપૂર્વી લેખાંક : (૩)

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

**સ્વપ્ન સાચું ઠર્યું**

અવંતી નગરી કહો કે ઉજજૈની તરીકે ઓળખો, છતાં આ પુરાણી નગરી વૈદિકો અને જૈનો માટે તીર્થધામરૂપ હતી અને આજે પણ છે. એની સાથે ઉભય ધર્મના એક કરતાં વધુ પ્રસંગોના તાણાવાણા વણાયેલા છે. ભારતવર્ષમાં કાળના ઝંઝાવાતે ઘણાયે ફેરફારો સર્જ્યા. નગરોને ગામડામાં પલટાવી દીધાં, કેટલાકનું તો નામનિશાન પણ ભૂંસી નાખ્યું જ્યારે જ્યાં એકવેળા છપ્પન ભૂંગળો વાગતી અને ગજરાજો જ્યાં હારબંધ વિહરતા ત્યાં કેવળ શ્મશાનભૂમિની રાખ ખડી કરી, કાગડા અને ગીધ જેવા પક્ષીઓનો વસવાટ બનાવી દીધો !

આમ છતાં કેટલીક નગરીઓ એવી પણ રહેવા પામી છે કે જ્યાં પરિવર્તનોની હારમાળા પથરાયા છતાં, નામ અને સ્થાનમાં આછાપાતળા રૂપાંતર થયા છતાં, એનું અસ્તિત્વ નથી તો સર્વથા ભૂસાયું કે નથી તો એની ગૌરવગાથા સાવ વિસ્મૃતિનો પ્રદેશ બન્યો ! આ ગણનામાં **વાણારસી** અને **અવંતી** અગ્રપદે આવે.

ઇતિહાસના પડોમાં ઝાઝું ને ઊંડું અવગાહન ન કરીએ તો પણ ઉજજૈનીની મહત્તામાં, જૈન શાસનના આધારસ્થંભ સમા આર્યમહાગિરિ અને આર્ય સુહસ્તિસૂરિએ ભજવેલ ભાગ, અવંતીસુકુમાળનો પ્રસંગ અને ફળસ્વરૂપે સ્થાપન કરાયેલ **શ્રી અવંતી પાર્શ્વનાથ**ના ચમત્કારી બિંબ અંગેના વૃત્તાન્ત ભૂલાય તેમ નથી જ અને વૈદિકોને મહાકાળનો પ્રાસાદ અને એ પાછળ વિક્રમરાજ તેમ જ વીર વેતાલના કિસ્સાઓ આજે પણ યાદ આવે તેમ છે. આવી પ્રસિદ્ધ નગરીમાં, સંતોને શોભવું અનુકૂળ આવે એવી વસતીમાં જૈનધર્મના જ્યોતિર્ધર શ્રી વજ્રસ્વામી શિષ્યોના પરિવાર સહિત શોભ્યા હતા.

રાઇપડિક્કમણરૂપ આવશ્યક ક્રિયાથી પરવારી, જ્યાં શિષ્યો વંદન કરી, અભ્યાસ આદિ કાર્યવાહીમાં દત્તચિત્ત થવાની તૈયારી કરી રહ્યાં છે ત્યાં ગુરુદેવ સસ્મિત વદને બોલ્યા.

ભાગ્યશાળીઓ! મારા સ્વપ્નની વાત સાંભળતા જાવ. આજ કેટલાયે દિવસથી રાત્રિનો સંથારો કર્યા પછી મને વિચાર આવતો કે મારામાં રહેલ **દશ પૂર્વરૂપી** અમૂલ્ય જ્ઞાન મારા અંતેવાસીમાંથી એકાદો પણ ગ્રહણ કરનાર નિકળશે કે કેમ ? અને જ્યાં શિષ્યગણના અભ્યાસ પ્રતિ મીટ માંડતો ત્યાં સહજ જણાતું કે એટલી હદે પ્રગતિ સાધનાર હાલ તો કોઇ નથી. પણ આજે પાછલી રાતની છેલ્લી પળોમાં મેં સ્વપ્ન જોયું કે–' એક આગન્તુક પુરુષ આવ્યો અને દૂધથી ભરેલું પાત્ર મારા હાથમાંથી પડી જતાં તેણે ગ્રહણ કરી પી લીધું, માત્ર નહીં જેવું દૂધ એ પાત્રમાં રહી જવા પામ્યું.' એ સ્વપ્નના અર્થ મેં એવો અવધાર્યો છે કે–

જરૂર આજે કોઈ નવો, અભ્યાસ કરવાની જિજ્ઞાસાવાળો, અતિથિ આવવો જોઇએ અને મારી પાસે અભ્યાસ કરી એ બહુશ્રુત થવાનો; કારણયોગે એ સંપૂર્ણ દશપૂર્વી નહીં થઈ શકે.

જ્યાં આચાર્યશ્રી પોતાનું વક્તવ્ય સમાપ્ત કરે છે ત્યાં તો જેના ચહેરા ઉપર જ્ઞાનની ગરિમા નાચી રહી છે અને સાથોસાથ નમ્રતા પણ સાથ પૂરી રહી છે એવા એક શ્રમણે વસતીમાં પ્રવેશ કર્યો, અને ગુરુદેવની સન્મુખ આવી દ્વાદશાવર્ત વંદનનું કાર્ય આરંભ્યું. આચાર્યશ્રીની નજર પણ આગંતુક મુનિના ભાલપ્રદેશ પર ચોંટી રહી. એ દ્વારા મનમાં નિશ્ચિત કર્યું કે સ્વપ્નસૂચિત અભ્યાસક તે આ જ વ્યક્તિ અને જ્યાં વંદનવિધિ પૂર્ણ થઇ કે તેમણે પ્રશ્ન કર્યો.

ભદ્ર! તમો ક્યાંથી આવી રહ્યા છો ?

પૂજ્યશ્રી ! હું તોસલિપુત્ર આચાર્યશ્રીનો અંતેવાસી છું અને જ્ઞાન-પિપાસાની તૃપ્તિ અર્થે, તેઓશ્રીની આજ્ઞાથી આપની પાસે આવ્યો છું.

વત્સ ! તારું નામ જ આર્યરક્ષિત છે ને ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવન્ ! હા. દશપુરવાસી સોમદેવ પુરોહિતનો હું પુત્ર થાઉં, અને મારી માતુશ્રીનું નામ રુદ્રસોમા. એ હિતવત્સલ જનનીના આગ્રહથી જ મને દ્વાદશાંગી ભણવાની પ્રેરણા થઈ છે. એમાં જ સંપૂર્ણતા મેળવવા અર્થે આપસરખા સ્વામીના ચરણમાં આવ્યો છું.

ભલે, આજે આરામ લઈ લે, આવતી કાલના મંગળ પ્રભાતથી એનો આરંભ કરાવીશ. મને પણ તારા સરખા જિજ્ઞાસુના મેળાપની ઇચ્છા કેટલાક સમયથી વર્તતી હતી એ આજે પાર પડી.

બીજા દિવસથી પૂર્વ વાચનાનો આરંભ થયો. જ્ઞાન મેળવવાની લગની અને વિનયપૂર્વકનું વર્તન જોઈ શ્રી વજ્રસ્વામી પણ આ શિષ્યને ખંતપૂર્વક અભ્યાસ કરાવવા લાગ્યા. એમણે જોયું કે આ વિનીત શિષ્ય આવવા–જવાનો પરિશ્રમ ઉઠાવે છે અને ભિન્ન ઉપાશ્રય યાને વસતીમાં રહે છે, તે કરતાં અહીં મારી પાસે જ રહે તો એને વિશેષ અનુકૂળતા થાય.

વત્સ ! કાલથી તું મારી સાથે જ આ વસતીમાં રહેવાનું શરુ કર, કે જેથી અધ્યયન કાર્યમાં ખોટો કાળક્ષેપ બચી જાય.

ભગવન્ ! આપશ્રીની સાનિધ્યમાં રહેવું એ તો કસ્તૂરીના ઢગ પાસે વસવા જેવું ગણાય. એ યોગ પુન્યબળે જ સાંપડે, પણ...એક કારણ એમ કરતાં આડું આવે છે.

વત્સ ! મૂંઝાઇશ નહીં. જે વાત હોય તે સુખેથી જણાવ.

ભગવન્ ! જ્યારે હું ગુરુઆજ્ઞા લઈ આપની પાસે આવવા નીકળ્યો, ત્યારે માર્ગમાં પૂજ્યશ્રી ભદ્રગુપ્તાચાર્યને વંદન કરવા થોભ્યો હતો. તેઓશ્રી તદ્દન રુગ્ણ અવસ્થામાં હતા. ક્યારે હંસ દેહરૂપી પિંજર છોડી જશે તે કહી શકાય તેમ હતું નહીં, છતાં તેઓને એટલી પ્રતીતિ થઈ હતી કે ઝાઝા દિવસ કાયા ટકનાર નથી. એ કારણે તેઓશ્રીએ જણાવ્યું કે–

આર્યરક્ષિત ! તારે વજ્રર્ષિ સાથે એક ઉપાશ્રયમાં કદી પણ રહેવું નહીં, કારણ કે જે મનુષ્ય સોપક્રમ આયુષ્યવાળો હોય, અને તે જો તેમની સાથે એક રાત પણ નિવાસ કરે તો, નિશ્ચયથી તેમની સાથે જ કાળધર્મ પામે, તેથી તારે અન્ય વસતીમાં રહીને અભ્યાસ કરવો.

મેં પણ આવું લાભદાયી કથન કરનાર આચાર્યશ્રીને જણાવેલું કે–હું આપશ્રીના કથન પ્રમાણે જ વર્તીશ. આ પ્રતિજ્ઞાને અડચણ ન આવે એ કારણે હું આપની સાથે ન રહેતાં જુદી વસતીમાં રહું છું. આપ તો જ્ઞાની છો, એમાં ભૂલ થતી હોય તો સુધારો કરવાની જે સલાહ આપશો તે હું શિરસા વંદ્ય કરીશ.

આર્યરક્ષિતનો વૃત્તાન્ત સાંભળી વજ્રસ્વામીએ શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. એ પછી પ્રસન્ન વદને તેઓશ્રીએ કહ્યું કે–વત્સ ! એ વયોવૃદ્ધ ગુરુદેવે જે વાત કહી છે એ યથાર્થ છે.

'સોનું અને સુગંધ' મળ્યા જેવો યોગ આ ગુરુ–શિષ્યનો ગણાય. જ્ઞાન આપવાની તીવ્ર તમન્નાવાળા ગુરુ અને એવી જ તીવ્ર અભિલાષાધારી શિષ્ય. પછી એમાં શી કચાશ રહે? જોતજોતામાં આર્યરક્ષિતજી પૂર્વના જ્ઞાનમાં પગથિયા વટાવવા લાગ્યા. સમયના વહેણમાં વર્ષો જેમ વિલીન થવા માંડ્યા તેમ આ અભ્યાસી શ્રમણ પણ પૂર્વજ્ઞાનની અઘરી કેડીઓ ઓળંગવા લાગ્યા; અને નવ પૂર્વનું જ્ઞાન પૂરું કરી, દશમામાં પ્રવેશ કરવા ઉત્સુક થયા. આચાર્યશ્રીએ આરંભ કરતાં જણાવ્યું કે–

વત્સ ! દશમા પૂર્વના યમક પ્રથમ ભણી લેવા કે જેથી સમજવામાં બહુ મુશ્કેલી ન અનુભવવી પડે. સામાન્યતઃ આ યમક સંબંધી વિષય કઠિન ગણાય છે.

ભગવંતે સૃષ્ટિતંત્રના અસ્ખલિત ચલનમાં પાંચ કારણો બતાવ્યા છે. ૧ કાળ, ૨ સ્વભાવ, ૩ નિયતિ, ૪ કર્મ અને ૫ પુરુષાર્થ. જૈનદર્શનમાં એ સમવાય નામથી સુપ્રસિદ્ધ છે. કોઇ પણ કાર્યની નિષ્પત્તિમાં એ હાજર હોય છે. પછી એમાં ગૌણ મુખ્યતા સંભવે અગર ચર્મચક્ષુધારીને એમાંનો એકાદ મુખ્ય ભાગ ભજવતો જણાય. પાંચ આંગળીઓની માફક દરેક કાર્યવાહીમાં તેઓનો સહકાર હોય છે જ એમ જ્ઞાની વચન છે. અભ્યાસ પાછળ એકચિત્ત બનેલ આર્યરક્ષિતના સંબંધમાં પણ એક પ્રસંગ એવો બન્યો કે જેથી, સર્વ પ્રકારની અનુકૂળતા હોવા છતાં, ધારણા મુજબના પગથિયે ન પહોંચી શકાણું !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અચાનક તેમનો અનુજ બંધુ **ફલ્ગુરક્ષિત** આવીને સામે ઉપસ્થિત થયો અને કહેવા લાગ્યો કે-

મોટા ભાઈ! તમારા લાંબા સમયના વિરહથી માતા-પિતા તેમ જ સંબંધીજનોને ઘણું જ દુઃખ થયું છે. પિતાશ્રીની આશાના તો ભાંગી ભૂક્કા થઇ ગયા છે. તમોએ પ્રવજ્યા સ્વીકારી છે એ સમાચાર જ્યારે તેમના કાને પાકા પાયે આવ્યા ત્યારે તેઓ રાતાપીળા થઇ ગયા હતા. પણ માતુશ્રીએ નમ્રતાથી જણાવ્યું કે-મેં પોતે જ દ્વાદશાંગી જેવા આત્મ-કલ્યાણકારી શાસ્ત્રનું જ્ઞાન લેવા પ્રેરણા કરી, અને આજ્ઞાવર્તી એ લાડકવાયો બીજે જ દિને ચાલી નીકળ્યો. એ અપૂર્વજ્ઞાન પ્રાપ્તિમાં ગુરુ આજ્ઞા મુજબ જે કાર્યવાહી આચરવાની હોય, તે તેણે કરવી જ રહી. જૈન ધર્મના કાનૂન અનુસાર દીક્ષા લેવી જરૂરી હશે એટલે જ એણે એ સ્વીકારી, જ્ઞાનાર્જનની પ્રવૃત્તિ આરંભી દીધી હશે. એમાં આપણા સરખા દ્વિજવંશને તો રાચવાનું હોય, કેમકે 'બ્રહ્મચર્ય અને જ્ઞાન' એ તો આપણને ઓળખાવનારા પ્રસિદ્ધ ચિહ્નો છે. આપણો દીકરો કયાં તો પંડિત થાય કે કયાં તો મહાત્મા થાય. આથી અનોખી ભાવના આપણા હૃદયમાં ન જ સંભવે.

માતુશ્રીની મીઠી વાણીથી પિતાશ્રી ઠંડા પડ્યા, અને 'શૂળીનું વિઘ્ન સોયે ટળ્યું' છતાં જનનીને એક વાર તમારું મુખદર્શન કરવું છે. શ્રમણ-વેશમાં શોભતા પુત્રમુખેથી આત્મકલ્યાણકારી વચનો શ્રવણ કરવા છે. એ માટે મને ખાસ તેડી લાવવા મોકલ્યો છે, અને હું પણ તપાસ કરતો કરતો આજે ઘણા મહિને આપની સમક્ષ આવી પહોંચ્યો છું.

ભાઇ ફલ્ગુ! તારી વાત ઉપરથી ઉદ્ભવેલ ઉદ્વેગ તો સમાઇ ગયો જણાય છે; અને સૌ કુશળ હોય એમ લાગે છે. આ પૂર્વનું જ્ઞાન મેળવવું એ 'લોઢાના ચણા ચાવવા જેવું મહાભારત કામ છે.' હજુ તો એના પમકોમાં માંડ મેં પ્રવેશ કર્યો છે. ગુરુમહારાજની વાત ઉપરથી જણાય છે કે માથે ચોમાસું આવી રહ્યું છે તે જોતાં અધ્યયન એકધારું ચાલુ રહેશે તો પણ વર્ષાકાળ ઉપરાંત શીતકાળના બેએક માસ તો એમાં વ્યતીત થશે. મારી સલાહ એ છે કે તું આ પરિસ્થિતિથી કુટુંબીજનને વાકેફ કરવા, સત્વર પાછો ફર, અને એટલું ખાત્રીપૂર્વક મારા તરફથી કહેજે કે હું બનતી ત્વરાયે અભ્યાસ પૂર્ણ કરી તે તરફ આવીશ.

વડિલ ભ્રાતા! એમ કરવું શકય નથી. માતુશ્રી-એ મને પ્રતિજ્ઞા આપીને મોકલ્યો છે અને કહ્યું છે કે આર્યરક્ષિતને સાથે લઇને જ પાછો ફરજે. મેં પણ એ વાતને વેદવાકયરૂપ માની આ કાર્ય માથે લીધું છે. એટલે એકલા પાછા ફરવાનો પ્રશ્ન ઉદ્ભવતો જ નથી. તમોએ કહ્યો એટલો સમય હું અહીં જરૂર થોભી જઇશ.

ભાઇ! વેદાંતદર્શનમાં જેમ વિદ્યાર્થી 'માધુકરી' વૃત્તિદ્વારા પોષણ મેળવી પંડિત પાસે અધ્યયન કરે તેમ જૈનદર્શનમાં નથી થઇ શકતું. સંસારના બંધન ત્યાગી દઇ, સાધુતા સ્વીકારનાર વ્યક્તિ જ અમુક નિયમનથી અભ્યાસમાં આગળ વધી શકે છે, અને એ વેશ સ્વીકાર્યા પછી જ ગૃહસ્થને ઘેર આહાર અર્થે જઇ શકાય છે. અહીં મારી પાસે જ ઉપાશ્રયમાં વસવું હશે તો મેં જે વાત દર્શાવી એનો ઉકેલ તારે સ્વતઃ કરવો જોઇશે.

જ્યેષ્ઠબંધુ! એમાં કશી જ મુશ્કેલ મને જણાતી નથી. જે માર્ગ તમોએ લીધો છે તે માર્ગ હું પણ લઇશ. महाजनो येन गतः स पन्थाः એ વચન નીતિ-કારોનું છે. તમોને સાથમાં લઈ પાછા ફરવું હોય તો મારે પણ તમારી માફક સાધુતાનો અંચળો ઓઢવો જ જોઇએ. એથી પ્રશ્ન સહજ ઉકલી જશે અને વધારામાં મને પણ જૈનદર્શન જેવા પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવાનો યોગ સાંપડશે. શા માટે મારે ભાવીનો અત્યારે વિચાર કરવો? કયાં તો તમારા દર્શનથી કુટુંબ બોધ પામી જૈનધર્મી બનશે તો એમાં મારો નંબર પ્રથમ આવશે. એથી જૂદું બનવાનો સંભવ તો નથી, છતાં બન્યું ને તમો પુનઃ વૈદિક પંડિત બનશો તો મોટાની પાછળ નાનો ચાલશે, અને એ વિવેક ગણાશે. મને તો ઉભય રીતે લાભ જ છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમૃત

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

અમૃત શબ્દ ઘણા પ્રાચીન કાળથી સાહિત્યમાં વાપરવામાં આવેલો છે. અમૃતનો અર્થ ઘણા ભાગે અત્યંત મધુર સ્વાદિષ્ટ પેય પદાર્થ તરીકે વપરાએલો છે અને તે પીધા પછી જીવને અમરપણું પ્રાપ્ત થાય છે, એવી માન્યતા છે. અમૃતથી મરેલા માણસને ફરી સજીવન કરી શકાય છે, એવી પણ કલ્પના રૂઢ છે અર્થાત્ અમૃત પીધા પછી મરણ આવતું નથી, એવી માન્યતા પ્રવર્તે છે. દેવતાઓને અમૃત પીવા મળે છે અને એટલા માટે જ દેવતાઓને અજર અને અમર ગણવામાં આવે છે. અને દેવતાઓની નગરીને અમરપુરી કહેવામાં આવે છે. દેવતાઓને મરણ ન જ હોય એમ કોઇ માનતું નથી. તેઓ ફરી જન્મ ધારણ કરે છે એવી માન્યતા બધે જ પ્રચલિત છે. દેવતાઓની આયુમર્યાદા લાખો કરોડો નહીં પણ સાગરોપમ, પલ્યોપમ જેટલા વર્ષોની હોવાથી તેમને અમર જેવા માનવામાં આવતા હોય એમ જણાય છે. દેવ અને દાનવોના યુદ્ધમાં દાનવોનો ગુરુ જે શુક્રાચાર્ય તેની પાસે સંજીવની નામની વિદ્યા હતી અને તેને લીધે તે મરેલા રાક્ષસોને જીવિત કરતો હતો એવી કથા પુરાણોમાં પ્રચલિત છે. એ સંજીવની વિદ્યા પ્રાપ્ત કરવા માટે કચદેવને દેવતાઓએ મોકલેલો હતો. અને કચદેવે શુક્રાચાર્ય પાસેથી તે મેળવી હતી, એવી કથા પ્રચલિત છે. એ કથામાં અમૃતને જ સંજીવનીનું નામ આપેલું જણાય છે. સમુદ્રમંથન કરીને વિષ્ણુએ અમૃત મેળવ્યાની કથા પણ જણાય છે એ ઉપરથી અમૃતની કથા જૂની છે અને એનું અસ્તિત્વ મનાએલું છે, એમાં શંકા નથી. હવે અમૃત એ વસ્તુ શું છે અને શું હોઇ શકે તેનો આપણે વિચાર કરીએ.

મૃત્યુ એ મોટી સમસ્યા છે. અનંત જ્ઞાનીઓએ તે સ્પષ્ટ કરી તેનો ઉકેલ મેળવવાનો પ્રયત્ન કર્યો છતાં એ એવી ને એવી જ અણઉકેલાયલી જ રહી છે. મૃત્યુ એ દેહધારીઓ માટે અનિવાર્ય છે જન્મની સાથે મૃત્યુ જોડાએલ જ છે એ સ્પષ્ટ છે. મરવું કોઇને ગમતું નથી, માટે એ આવે જ નહીં, અગર આવવાનું જ હોય તો ઘણું મોડું આવે એ માટે અનેક પ્રયોગો માણસ કરે છે. વૈદક અને વિજ્ઞાને એની પાછળ પોતાની શક્તિ ખોઇ છે, પણ પ્રશ્ન જેવો ને તેવો જટિલ જ રહેલો છે. છેવટ એમાં યશ મળશે કે કેમ અને અમૃત જેવી કોઇ વસ્તુ હાથ લાગશે કે કેમ એ પ્રશ્ન અનિર્ણીત જ રહેવાનો જણાય છે. છેવટ મૃત્યુના અભેદ્ય પડદા પાછળ જરા ડોકિયું કરી કાંઇ માહિતી મળે છે કે કેમ એ માટે પણ લોકોએ અનેક ખરાખોટા પ્રયત્નો કરી જોયા, પણ એમાં પણ પ્રશ્ન અનિશ્ચિત જ રહ્યો લાગે છે.

વારંવાર આપણને અર્થાત્ આત્માને વિવિધ શરીરો દ્વારા અને વિવિધ યોનિઓમાં જન્મવું પડે છે. એવો નિર્ણય માણસે મેળવી લીધેલો જણાય છે. અને આમ વારંવાર જન્મ એટલે વારંવાર મૃત્યુ એવું કષ્ટ ચક્ર અનિવાર્યપણે આપણે શરૂ રાખેલું છે, એ વસ્તુ કબૂલ કરી લીધેલી જણાય છે.

માણસ હંમેશા સ્થિતિચુસ્ત રહેવા માગે છે. એને નવી સ્થિતિમાં પ્રવેશ કરવો ગમતો નથી. જેવું ને તેવું જ હંમેશ ચાલુ રહે એવું એ ઇચ્છે છે. એમાંથી જ જિજીવિષા જન્મેલી જણાય છે. એને મરવું ગમતું નથી અને પોતાની સ્થિતિ બદલાય તો મોટી આપત્તિ આવી પડશે એવું લાગવાથી જ એને મરણ ઉપર દ્વેષ છે. અમૃત જેવી કોઇ વસ્તુ મળી જાય તો કેવું સારું થઇ જાય, એવું એને લાગે છે. અને મૃત્યુંજય જેવી કોઇ દવા કે ચમત્કાર અને મંત્ર જેવી કલ્પના કરી એ પોતાના મનને આશ્વાસન આપવા માગે છે. એમાંથી જ અમૃતની ઉત્પત્તિ થએલી જણાય છે.

અમૃત કોઇને મળ્યું છે કે કેમ અને તેથી કોઇએ મૃત્યુ ઉપર વિજય મેળવ્યો છે કે કેમ એનો વિચાર કરતાં જોવામાં આવે છે કે, અમૃતનો



For Private And Personal Use Only

પ્રત્યક્ષ અનુભવ આપણને મળ્યો ન હોય તો પણ તેના પરિણામ તરીકે કોઈએ અમરત્વ મેળવ્યું છે કે કેમ તેનો વિચાર કરતાં એવા અમરત્વ મેળવેલા અનંત આત્માઓ થઈ ગએલા જોવામાં અને જાણવામાં આવેલ છે. પરિણામ ઉપરથી મૂળ વસ્તુની કલ્પના કરી શકાય છે. અમરત્વ જ્યારે જોવામાં આવે છે ત્યારે તે પ્રાપ્ત કરી આપનારું અમૃત હોવું જોઈએ એમ માનવામાં કાંઈ હરકત જણાતી નથી. અત્યાર સુધી જે તીર્થંકરો, સિદ્ધો અને મુક્ત આત્માઓ અનંત થઈ ગએલા છે, ત્યારે અમૃત જેવી કોઈ વસ્તુ કે સાધના હોવી જોઈએ અને એનો ઉપયોગ પણ તેમણે કરેલો હોવો જોઈએ એ સ્હેજે સિદ્ધ થાય છે. ત્યારે તે અમૃતની કાંઈક ઝાંખી કે સંભવિત કલ્પના મેળવી લેવામાં થોડી મદદ થાય તેમ છે.

જીવ અવિરતપણે સતત કર્મ કર્યે જાય છે અને તેનો સંગ્રહ કર્યે જાય છે. આત્માની સાથે તે નિબિડ રીતે જોડાઈ જાય છે. એવા કર્મો કાલાંતરે પાકતા ઉદયમાં આવે છે અને એવા કર્મોનો ભોગવટો શરૂ થાય છે. અને એ ભોગવતા અનેક સંઘર્ષો ઉત્પન્ન થાય છે. અને ઇંદ્રિયજન્ય વિકારવશતાને લીધે નવાં નવાં કર્મો ઉત્પન્ન થતાં જ રહે છે. એથી જન્મ-જન્મ અને મૃત્યુની પરંપરા શરૂ થાય છે. અને એવા દુષ્ટ ચક્રો ગતિમાન થતાં તેની મોટી શૃંખલા જ બંધાઈ ગએલ છે. અને શૃંખલાથી જીવ જન્મ મૃત્યુના અનંત ચક્રો ઉત્પન્ન કરી મૂકે છે. આવી રીતે કર્મોના ચક્રોમાં બંધાયા પછી અમૃત એને શી રીતે મળી શકે? કર્મનો એ ઘેરાવો એટલો ગાઢ અને વિશાલ થઈ જાય છે કે, એને અમૃત મળવું તદ્દન દુર્લભ વા અશક્ય જેવું થઈ જાય છે. અમૃતથી એ દૂર ને દૂર જ જતો રહે છે. અમૃત મેળવવાની આપણી ઘણી ઉતાવળ હોય છતાં જ્યાં સુધી વચમાં નડતા અવરોધો દૂર કરવામાં ન આવે ત્યાં સુધી આપણી અમૃત મેળવવાની કલ્પના હવામાં જ ગોથાં ખાતી રહે એ સ્વાભાવિક છે. મૃત્યુને જ મારી નાખવો હોય, ફરી તેનું દર્શન પણ ન થાય તેમ કરવું હોય તો એટલા માટે જન્મ લેવાના કારણો પણ આપણે દૂર કરવા પડશે, પણ જન્મ લેવાનાં કારણો જ્યાં સુધી વિદ્યમાન છે ત્યાં સુધી મૃત્યુ શી રીતે ટાળી શકાય? અર્થાત્ કર્મોનો જથ્થો જો ઓછો કરીએ તો અમૃત મેળવવાની કાંઈક આશા રાખી શકાય. કર્મોનો જથ્થો વધારે જઈએ અને મૃત્યુ ઉપર વિજય મેળવવાની આશા રાખીએ એ સમકાળે કેમ બને? ત્યારે અમૃત મેળવવા માટે આપણે કરવું શું?

કર્મ કરવાનું બંધ રાખીએ અને સંગ્રહિત કર્મોનો ભોગવટો ચાલુ રાખીએ. અને એમ કરી કર્મો ઓછા કરતા રહીએ. તો કર્મોનો અંત આવી જાય. અને અમૃત મેળવવું સુલભ થાય, એ સરળ જણાય છે પણ વસ્તુસ્થિતિ તેવી નથી. આપણે કર્મ કરવું અટકાવી દઈએ એ વસ્તુ શક્ય નથી. આપણે શરીર ધારણ કરીએ છીએ ત્યાં સુધી તેની હાજતો અને જરૂરીઆતો તો ચાલુ જ રહેવાની. અને મન તો એકાદ ક્ષણ પણ સ્વસ્થ બેસી રહેવાનું નથી જ. અર્થાત્ કર્મ તો ચાલતા જ રહેવાના છે. નૈષ્કર્મ્ય તદ્દન અશક્ય છે, માટે કર્મનો લેપ આત્માને ગાઢ રીતે નહીં વળગે તો કાંઈક રાહત મળવા સંભવ છે. અનિવાર્યપણે કર્મો થયા જ કરે છે ત્યારે તેને નિર્વીર્ય અને બુઠા કરી નાખવાની આવડત આપણે કેળવીએ તો કર્મનો ડંખ કાંઈક સૌમ્ય બને અને એવી ટેવ જો પડી જાય તો કર્મોનો સંગ્રહ બાળી મૂકવો કે નષ્ટ કરવો સુલભ થાય. એ યુક્તિ કે આવડત આપણે પ્રાપ્ત કરી લેવી એટલે જ અમૃત મેળવવાની સાધના કરી કહેવાય.

અહિંસા એટલે કોઈ પણ જીવમાત્રને કાયા, વાચા અને મનથી પણ ન દુભવવાથી નવું કર્મ બંધાતું અટકી શકે. અને કદાચિત અંશતઃ બંધાય તો પણ તે છોડી શકાય તેમજ સંયમ કરવાની પણ તેટલી જ આવશ્યકતા છે. સંયમ એટલે આપણું શરીર, આપણી વાણી અને આપણું મન–એ બધા ઉપર આપણો પોતાનો અર્થાત્ આત્માનો કાબૂ કેળવવા. આપણે ઇંદ્રિયોના વિકારોના અને મનના તાબે થઈ અનેક નહીં કરવાના કાર્યો કર્યે જઈએ છીએ. અને કર્મોનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુષ્ટને સજ્જન કેવી રીતે બનાવાય ?

લેખક : મુનિશ્રી મહાપ્રભાવિજયજી

કૃતજ્ઞતા માતા આ જગતનું કલ્યાણ કરવા સદાય ખડે પગે ઊભી છે. સુપુત્રો તેને પૂજે છે, જ્યારે કુપુત્રો તેની વિડંબના કરે છે.

ભિલ્લપલ્લીને ભૂલાવતું સાન્વર્થ ભિષણપુર નામે નગર હતું, જેમાં માનવરાક્ષસોની મોટે ભાગે વસતી હતી અને સાક્ષાત્ નરક જેવું એક ભયંકર કેદખાનું હતું. આ દુરંગમાં પરિસ્થિતિના કારણે ચોરીના ગુન્હાથી પકડાએલ કેદી પડ્યો હતો, જેને ત્રણ વર્ષની સજા થએલી હતી. જુવાન છતાં ત્રાસના કારણે માથાના વાળ ધોળા થઇ ગયા હતા. શરીર હાડપિંજર જેવું થઇ ગએલ છે. શરીર ઉપર મારના ચિન્હો સ્પષ્ટ દેખાતા હતા. કેદની મુદત પૂરી થતાં આજે તે છૂટવાનો હોવા છતાં તેના મુખ ઉપર કંઇ પણ ઉલ્લાસ ન હતો, કારણ પોતાના, સ્ત્રીના અને પુત્રીના પેટના નિર્વાહની ચિંતા તેને સતાવી રહી હતી. કેદમાંથી છૂટતા ભાતાના મળેલા બે આના લઇ સામેની હોટલમાં પેસતાં હડકાયા કૂતરાની માફક માલીકે તેને હાંકી કાઢયો: "મારી દુકાને ચોરટા ચડીશ જ નહિ." એટલે ત્યાંથી નીકળી કંઇ ખાવાનું લઇ પેટ ભરવા પ્રયત્ન કરતા અનેક દુકાનોથી તિરસ્કારપૂર્વક તેને હાંકી કાઢયો. લોકો મારતા. છોકરાઓ 'ચોરટા ચોરટા' એમ બોલી વગર પૈસે જાહેરાત કરતા. અનાથ, નિરાધાર અને ધિક્કાર–તિરસ્કાર–માર–પ્રહારનું સ્થાન બનેલ આ હતભાગી આત્મા, પોતાના ગામ તરફ જવા નીકળ્યો. અશક્તિને કારણે પગ કહ્યું કરતા ન હતા તો પણ જેમ તેમ ચાલી નગરની બહાર આવેલ એક ઝાડ નીચે આવી સૂતો. સંધ્યાકાળે અહીં પણ મચ્છર–ડાંસ–વિંછી–કાનખજુરા–સર્પાદિની પીડા હતી જ. ભાગ્યને ભરોસે કેદી નિદ્રાના ખોળામાં લોટી ગયો. થોડીવારે આકાશમાં કાળા વાદળા ચડી આવ્યા, પવનના સુસવાટા છૂટયા, વરસાદ આવવા લાગ્યો. બિચારો કેદી જાગ્યો. દાઝયા ઉપર ડામ જેવો વરસાદ તેને લાગ્યો. તેની અકળામણ વધી, ધીરજ તૂટી. તે ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગ્યો. તે વખતે એક મુસાફર તેની પાસેથી નીકળ્યો. વિજળીના ચમકારે અને રુદનના અવાજે તેની પાસે આવી તે કહેવા લાગ્યો: ભાઇ! તું કોણ છે? કેમ રડે છે?" તેણે કહ્યું: "મહાનુભાવ! મારું નામ જાણી મારી ઉપર તમે શું કરશો નહિ." મુસાફરે જાણ્યું કે આ વ્યક્તિ દુઃખના દરિયામાં ડૂબેલ છે તેથી તેણે કહ્યું, હું તારી સ્થિતિ જાણી ગયો છું, સામા દીપકવાળા મકાનમાં જા. તે દીન–અનાથ–રાજા–મહારાજા સૌ કોઇને સમાન છે. તે પર્ણકુટિમાં મહંત રહે છે. જેને "જનતા જનાર્દન" એ મંત્ર તન–મન અને વચને વ્યાપી

---

જશે વધાર્યે જઇએ છીએ માટે જ આપણા બધા જ આચારો કે કામો અને મન ઉપર કાબૂ મેળવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ. મન અને શરીર ઉપર સત્તા સ્થાપન થઇ જાય તો પછી કર્મોનો સમૂહ સ્વાભાવિક રીતે અટકી પડે, સંયમ કરવાની આવડત આપણે આત્મસાત્ કર્યા પછી પણ તપ કરવાની તેટલી જ આવશ્યકતા ઉત્પન્ન થાય છે. તપ કરવાથી પ્રાચીન કર્મોની તીવ્રશક્તિ કાંઇક હણી શકાય છે. તપની જેટલી એકાગ્રતા, નિર્લેપતા, સરળતા અને તીવ્રતા પ્રબળ હશે તેટલું જ તેનું ફળ પણ ઉત્કૃષ્ટ અને સુખકર મળી શકશે; માટે તપ કરવામાં કેવળ જડ ક્રિયા કરતા અંતરંગ શુદ્ધિ ઉપર વધારે ભાર મુકાવો જોઇએ. અહિંસા, સંયમ અને તપ એ ત્રિપુટી અમૃત મેળવવાનો માર્ગ સુલભ કરી આપે છે. આપણે અમૃત મેળવવું હોય અને તે પણ વહેલી તકે મેળવવું હોય તો એ ત્રિગુણની સાધના નિરપવાદપણે કરવાની આવશ્યકતા છે.

અમૃત પ્રાપ્ત કરવું બધાઓને સુલભ થાય અને વહેલામાં વહેલું પ્રાપ્ત થાય એ જ શુભ ભાવના સાથે ઇત્યલમ્



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગએલ છે, એ તને આશરો આપશે. એમ બોલી તે રસ્તે પડ્યો.

ચોરે ત્યાં જવાનો વિચાર કર્યો, પણ તેના મનમાં ગભરામણ ઉઠી કે મારા જેવા અધમને ત્યાં કોણ પગ મૂકવા દે! તેને પાછો વિચાર આવ્યો કે ખરા સાધુ અધમ ઉપર તિરસ્કારવાળા હોતા નથી, પણ દયાવાળા હોય છે. આમ વિચારી ત્યાં જઇ પહોંચ્યો. સાધુના ઘરનો દરવાજો ઉઘાડો હતો તેમ અંતરનો દરવાજો પણ ઉઘાડો હતો. પશુ ન બગાડે માટે લાકડાનો દરવાજો ખાલી વાસેલ હતો. તેણે તે ખખડાવ્યો. ખખડાટની સાથે યોગીએ અત્યંત મીઠા-મધુર-કોમળ અવાજે કહ્યું: આવ, મહાનભાવ, આ હતભાગી આવા કોમળ શબ્દો જિંદગીમાં પહેલી જ વાર સાંભળે છે. આ શબ્દોની અમૃતધારા ચાલતી હતી ત્યારે એ પાપી એવો તરબોળ થઇ ગયો કે એક શબ્દ પણ બોલવાની તાકાત ન રહી. સાધુ દરવાજો ખોલી ચોરને ભેટી પડ્યો. ચોરે કહ્યું: આપ જે બોલ્યા તે આપના જેવાને છાજે છે. બાકી મારું સ્વરૂપ આપ જાણશો તો મને અહીં ઊભો રહેવા દેશો કે નહિ તેની શંકા છે. મારા જેવો અધમાધમ-પાપી-ક્રૂર બીજો કોઇ નહિ જડે. આ પાપીને એક ખૂણામાં પડી રહેવાની જગા આપો તો તમારો ઉપકાર. અત્યારે આભ અને ધરતી મારા વૈરી બન્યા છે માટે સૂવાની જગ્યાની આશાએ આપને શરણે આવ્યો છું."

આ વાત સાંભળવા છતાં સાધુના મુખની મુદ્રા શાંત ને સ્થિર જ રહી, તે જોઇ ચોર તો સ્તબ્ધ જ થઇ ગયો. ધન્ય છે આવા યોગિઓને જે અત્તરના કૂંડની માફક આખા જગતને સુવાસિત કરે છે. છૂપો એવો પણ અત્તરનો કૂંડ ગાઉના ગાઉ સુધી સુગંધ આપે છે, તેમ યોગિઓ છૂપી રીતે પણ જગતમાં શાંતિ ફેલાવનારા બને તેમાં નવાઇ શી? સાધુએ તેને પર્ણકુટિમાં લાવી ખાટલા પર બેસાડ્યો. સાધ્વી થયેલ સાધુની બહેન પણ ત્યાં જ હતી. બંનેએ જંગલમાં નિવાસ કર્યો હતો, બંને પવિત્ર હતા. બહેન દિવસના કામથી થાકી ગએલ તેથી વહેલી સુઇ ગએલ, તેને ઉઠાડી ભાઇએ કહ્યું, "મહાનુભાવની સેવાના મેવા આપણને મળશે, એ આપણા લોકોત્તર ભાગ્યની નિશાની કહેવાય. ભૂખ્યા-તરસ્યા, થાક્યા-પાક્યા ભગવાન છે." બહેને તુરત પાણી ગરમ કરવા માંડ્યું. તૈયાર થતાં ચોરને પાટલા પર બેસાડી સાધુ નવરાવવા લાગ્યો. ચોરને તો આ સહેવાતું નથી અને કહેવાતું નથી; બહેને સાકરનો શીરો કરવા માંડ્યો, બીજે ચૂલે શાક પણ કરવા માંડ્યું.

સ્નાન કરાવી, સારા વસ્ત્રો પહેરાવી આ હતભાગીને દેવોના જેવા સન્માનથી પાટલા પર જમવા બેસાડ્યો. ચાંદીની થાળી-વાટકીમાં ભોજન પીરસ્યું. મેમાન જમવા લાગ્યા, એટલે સાધુ તેને પંખો નાખવા લાગ્યો. દુન્યવી દૃષ્ટિએ ગાંડો લાગતો આ સાધુ આ દીનની સેવા કરી અંતરમાં ઉભેલો વજ્રસમાન માનનો પર્વત તોડી રહ્યો છે. એ ચર્મચક્ષુથી નહિ જણાય. મહાપુરુષની ક્રિયા-પ્રવૃત્તિ આદિ સમજવાં અંતરચક્ષુ જોઇએ. એ જગતને ભૂલ્યા સિવાય નહિ આવે. એની જરૂર ભાસતી હોય તો જગતને ભૂલી જાવ. મોંઘી માનવ જિંદગી આવા સંતોના ચરિત્રો હૃદયસ્થ કરી સફળ કરી લો.

ચોર બિચારો મનમાં શરમાતો અને સ્વયોગ્યતા વગરના માનથી મનમાં લેવાઇ જતો હતો. યોગી પંખો નાખી રહ્યા છે. મુખમાંથી 'ભગવાન અને પ્રભુ' એ શબ્દો અટકતા નથી. ચોર જમી ઊઠ્યો એટલે સુંદર ગાદી નાખી આપી. રસોડું સાફ કરી બહેન અલાયદી ઓરડીમાં સૂવા ચાલી ગઇ. કોઇ અભ્યાગત આવે તો તેની સેવા થઇ શકે તે માટે યોગિરાજ બહાર સૂતા. મેમાનને ઠંડી-પવન ન લાગે તે માટે બંધ ઓરડામાં સૂવાડ્યા. ત્રણે જંપી ગયા.

રાતના બે વાગે મેમાનની આંખ ઊઘડી ગઇ. વિચારવાયુ અંતરમાં ઘોળાવા લાગ્યા. કાલે ઘેર જવું છે. પાસે પાઇ નથી. ગામમાં આબરૂ નથી. પત્ની, પુત્રી અને પોતાના પેટનું ક્યાંથી પૂરું થશે? હવે શું કરવું? આમ ચિંતાસાગરમાં તણાતા એક લાકડું હાથમાં આવ્યું. લાકડું સળગતું હતું તો પણ પકડવા હિંમત કરી. સાધુએ જમવા આપેલ ચાંદીના થાળ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાટકી, દીવી વિગેરે આ સગવતા લાકડાની મદદથી ઉપાડી જઈ ચિંતાસાગર તરી જવો. એનાથી થોડા રૂપિયા આવશે. કામધંધો કરી પેટ ભરાશે. આવો વિચાર ચોરના હૈયામાં પેઠો. તરત સદાચાર સુભટે ઊભા થઈ દુરાચાર સુભટને પડકાર કર્યો, "હરામખોર! આ સાધુએ આપણા સ્વામી (જીવ) ઉપર અતિ ઉપકાર કર્યો છે. આવા પરમાત્માના અવતાર સમાન યોગીને ત્યાં ચોરી કરવાની સલાહ આપી રહ્યો છે તે તદ્દન અયોગ્ય છે." સદાચારની સામે દુરાચાર ગર્જી કહેવા લાગ્યોઃ "તને સ્વામીના હિતની કંઈ પડી નથી. આપણા સ્વામી ઘેર જઈ શું કરશે તેની તને ચિંતા નથી. મારે તો સ્વામીનું હિત કરવાનો ઇરાદો છે." આમ સદાચાર–દુરાચાર ખૂબ લડ્યા. અંતે દુરાચારના પ્રેરેલા ચોરે થાળી, વાટકો, દીવી ઉપાડી કોઈ ન જાણે તેમ પલાયન કર્યું.

માર્ગમાં જ પોલીસનો ભેટો થતાં ચોરને પકડી થાણા ઉપર લાવ્યા. ગભરાતા ગભરાતા દોડવાના શક ઉપરથી સવારે તો તે ઓળખાઈ ગયો. ગઈ કાલનો ચોરટો આજે કંઈ ધાપ મારી લાવ્યો લાગે છે. માલ ૧૦૦)–૧૫૦)નો. ચોર કહે મને સાધુએ ભેટ કર્યો છે. પોલીસને વિશ્વાસ નહિ બેસતાં સાધુની ઝૂંપડીએ લાવી સાધુને પૂછ્યું. હવે ઝૂંપડીમાં શું બન્યું તે જાણી લઈએ "બેનના મનમાં ગભરામણ હતી કે મહેમાન કદાચ થાળી, વાટકી, દીવી ઉપાડી જાય માટે આખી રાત્રિ અડધી ઊંઘતા જાગતા કાઢેલી, પણ બહેનની બુદ્ધિ ચોરની ચાલાકી આગળ અફળ ગઈ. બહેનને થાળી, વાટકો, દીવો યાદ આવી એટલે ઊઠતાની સાથે તેની પહેલી તપાસ કરી પણ તે ન જણાતાં ભાઈને પૂછ્યુંઃ 'તમે તે કંઈ મૂકયા છે?' તેણે ના પાડી એટલે બહેને તરત કહ્યું કે–ભાઈ! તમારા ભગવાન્ ખરા, તે માલ ઉપાડી ગયા રૂા. ૧૫૦)નો, તેમ તમારી સેવા પણ લેતા ગયા. ચોર સારા શુકને આવેલ. હવે ખેદ કરવાથી શું?" યોગી બહેનની વાત હસી કાઢતો કહે છે–'બહેન, આપણું ભાગ્ય ઘણું મોટું કે ભગવાન જાતે આવી બધું લઈ ગયા. આપણને તે નકામી હતી. તેને જરૂર હતી એટલે લઈ ગયા.' પોલીસે પૂછતાં સાધુ જણાવે છે કે–મેં તેને ભેટ આપેલ છે. આમ સાંભળી પોલીસ તો જતી રહી. ચોર, બહેન અને સાધુ ઉભેલા છે. ચોરનું મોઢું ઊંચું થતું નથી. જેણે આટલા સન્માનથી સેવા કરી તેના જ ઘરમાં કરેલી ચોરી બાબત ચોર ઘણો જ શરમાયો. ત્યાં આ સાધુનો કોમળ અવાજ નીકળ્યો, ભગવન્! શરમાવું નહિ, તમારે જરૂરી વસ્તુ લઈ ગયા તેમાં આટલો ક્ષોભ શો? જ્યાં જવું હોય ત્યાં ખુશીથી જાવ. ચોર જરા સાંત્વન મળતાં પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો. સાધુ વળાવી આવ્યો. હૈયામાં સાધુના ગુણનો સાગર ભરતો આ ચોર વિચાર કરે છે, કયાં આ સાધુ અને કયાં હું? ખરેખર નરાધમ–શિરોમણિ હું છું અને એકાંત ગુણનો રાશિ એ મહાત્મા છે. અનેક ભવે પણ આનો ઉપકારનો બદલો વળાય તેમ નથી. ચોર ઘેર આવ્યો. પત્ની અને પુત્રી સાથે દ્રવ્યોપાર્જન માટે પરદેશ પ્રયાણ કર્યું.

કાશી શહેરમાં આવી થાળ, વાટકી, દીવી વેચી તેના નાણાથી વેપાર શરૂ કરી દીધો. ભાગ્યભાનુ ખૂબ પ્રકાશિત થયો. મધ્યાહ્નકાળે આવી પહોંચ્યો કોટ્યાધિપતિમાં ગણતરી થવા લાગી. રાજાએ માનદ ન્યાયાધીશ નીમ્યો. રાજાનો સલાહકાર અને પ્રીતિપાત્ર બન્યો. ગંગા નદી ઉપર બંગલો બંધાવી ત્યાં રહેવા માંડ્યું. નોકર–ચાકર અને મોટરવાળા બન્યા. ઠેકાણે ઠેકાણે ઓળખાણ થઈ. આ રીતે આનંદમાં દિવસ જાય છે પણ પેલા યોગિરાજ અંતરનું સિંહાસન છોડતા નથી, એ નિઃસ્પૃહ યોગીને કંઈ ધન-ધાન્યથી સંતોષાય તેમ ન હતું. પ્રત્યુપકારની તીવ્ર તમન્ના હૈયામાંથી જરાએ ઓસરતી નથી.

ભીષણપુરમાંથી આપણા સંન્યાસી, તેમની બેન તેમ ત્યાંના ભકતો તીર્થોની યાત્રા કરવા નીકળ્યા હતા. બધા તીર્થોની યાત્રા કરી કાશીમાં પ્રવેશ કર્યો. તે સમયે ધર્મશાળા થોડી તેથી આખો દિવસ પરિભ્રમણ કરતાં પણ ધર્મશાળામાં સ્થાન ન મળતાં રાત્રિના નવ વાગે એક ધર્મશાળાના ઓટલા ઉપર પડાવ નાખ્યો. સવારે વહેલા ઊઠી બીજે જવા વિચાર રાખેલો. આ ધર્મશાળામાં એક શ્રીમંત કુટુંબ ઉતરેલું, જેની પાસે લાખો રૂપીઆના દાગીના હતા. માબાપ તેમ છોકરાઓ પાસે કુંચીઓ રહેતી, એટલે એકબીજાની ગેર-હાજરીમાં પણ પેટીઓ ખોલાતી. છોકરાઓ દર્શન કરવા ગામમાં ગએલા ત્યારે મા રક્ષણ માટે દાગીના સગાને ત્યાં મૂકી આવી. છોકરા દર્શન કરી પાછા આવ્યા ત્યારે માબાપ નજીકના ધામમાં યાત્રા માટે પહોંચી ગયા, પણ દાગીનાની વાત કરવાની રહી ગઈ. છોકરાઓએ જમીને પેટી ખોલી તો દાગીના દીઠા નહિ એટલે આ લક્ષ્મીનંદનો ભીષણપુરના સાર્થ ઉપર વહેમાયા. તેઓ પરોઢીએ વહેલા ચાલી ગએલા એટલે શંકા વધી પડી. ફોજદારને પૈસા દાબી બધાને જેલના સળીઆ પાછળ નંખાવ્યા. ત્રીજે દિવસે રાજદરબારમાં ખડા કર્યા ત્યાં રાજા અને શેઠજી સાથે જ પધાર્યા. ન્યાય આપણા ચોર શેઠજી કરતા હતા.

For Private And Personal Use Only

ભીષણપુરનો કાફલો આવી આરોપી તરીકે ખડો થઈ ગયો. લક્ષ્મીનંદનો પોતાની ફરિયાદમાં જણાવવા લાગ્યા કે–આ લોકોએ મારા લાખો રૂપીઆના દાગીના ચોર્યા છે. રાજાએ શેઠજીને તપાસ કરવા કહ્યું. શેઠ બધાના મુખ સામે જોઈ વિચારે છે કે 'આ લોકો પરિચિત લાગે છે.'

તેમના ગામનું નામ ભીષણપુર જાણી શેઠજીને હર્ષ, શોક તથા વિસ્મયના ભાવો એક સાથે ઉદ્ભવ્યા. શોક ભીષણપુરની પોતાની કેદી અવસ્થાના કારણે, હર્ષ મહાત્માના દર્શનનો તેમ વિસ્મય પોતાની પલટાએલી સ્થિતિનો. પોતાના તારક અને પાલક ગુરુને દેખી પાસે જઈ આંખમાં અશ્રુ લાવી કહ્યું, 'બાપજી! આપ અહીં ક્યાંથી?' સાધુએ શેઠને ન ઓળખ્યા. ક્યાં પૂર્વનો દેદાર અને આજે ક્યાં મહાનંદમાં મહાલતા શેઠ? એટલે શેઠે સાધુજીને એકાંતમાં પોતાની બધી વાત જણાવી કહ્યું. "ખરેખર પરમાત્મા તો તમે જ મને બચાવ્યો એટલે આ દશાને આ જીવ પામ્યો છે. આ બધી કૃપા આપની જ. આપને માથે આ આરોપ શાથી આવ્યો તે સમજાતું નથી. ખેર! કોઈ ચિંતા કરતા નહિ." શેઠજીએ રાજાને કહ્યું: "આ તો મારા મેમાનો છે. જે આરોપ છે તો હું આપી દઈશ. આ લોકો મારે ત્યાં મેમાન થશે." સાધુજી સિવાય બધો કાફલો નવાઈ પામ્યો કે આ દાવાનળમાંથી અમૃતનો કુંડ ક્યાંથી નીકળ્યો? બધાએ મેમાનોને સ્નાનાદિ કરાવી સુંદર હોલમાં ચાંદીના બાજઠ ઉપર બેસાડી, ભોજનની સામગ્રીઓ પીરસી. આ દશ્ય સાધુની સાધ્વી બનેલી બેનને ચોરને મૂકેલા ચાંદીના થાળ, વાટકી, દીવીનું ઉદ્બોધક બન્યું. બેન જમતી જાય છે અને એકને બદલે ૧૦૦ થાળ વિગેરે જોતી જાય છે. ભાઈએ બેનને સાનમાં સમજાવી કે આ મારા ભગવાનનો પ્રતાપ છે. જે ચોરને હું 'ભગવાન્, ભગવાન્' કહી સંબોધતો હતો તે સાચા જ ભગવાન થઈ બેઠા છે. આ માર્મિક વાત ભાઈ બેન સિવાય બીજા કોઈ સમજ્યા નહિ.

લક્ષ્મીનંદનના માબાપ તીર્થયાત્રા કરી ચોથે દિવસે પાછા આવ્યા. ઉદાસ દેખી કારણ (ચોરી) જાણી, માએ ભ્રમ ભાંગ્યો કે દાગીના તો સગાને ત્યાં મેં રક્ષણ માટે મૂક્યા છે એ વાત જાણી નિર્દોષ યાત્રાળુઓને સતાવવા બદલ પશ્ચાત્તાપ થતાં તેમની શોધ કરતાં શેઠજીના બંગલે આવી પહોંચ્યા. બધાને પગે પડી માફી માગી. આ રીતે 'વરસીના સ્થાનમાં વિવાહ' દેખી આખો સંઘ વિસ્મિત થયો. આ બધાનું કારણ શેઠજી અને શેઠજીનું મૂળ સાધુ. આ વાતનો મર્મ જાણવાની બધાની ઈચ્છા થઈ. બહેન તો પોતાના ભાઈની મહત્તા નિહાળી છક થઈ ગઈ. જે ભાઈને હું ગાંડો-ઘેલો ગણતી હતી તે કોઈ અલૌકિક અને મહાજ્ઞાની પુરુષ છે. એક થાળના ૧૦૦ થાળ, એક વાટકાની ૧૦૦ વાટકી અને એક દીવીની ૧૦૦ દીવી તેમ લાકડાના બાજોઠની જગ્યાએ સાવ ચાંદીના બાજોઠ પ્રગટાવનાર મારો ભાઈ જગતમાં વિરલ મહાપુરુષ છે.

દુર્જનને સુધારવા–ઉન્નત બનાવવા મહાપુરુષો કયા માર્ગ અખત્યાર કરે છે, તે અજ્ઞાનીઓ નહિ સમજી શકે. હવે સાધુજીએ અનેકના હૃદયબંધનો તોડવા આ અંતરના ઉદ્ગાર પણ સંયોગને આધીન ચોર બનેલા શેઠજીનું વર્ણન, તેની આબરૂને જરાએ આંચ ન આવતાં કીર્તિ સેંકડોગણી વધે તેમ પૂર્વાવસ્થાનું વર્ણન કરી, વર્તમાનમાં આપણા ઉપર કેવો ઉપકાર કર્યો તે બધું સવિસ્તર જણાવી કહ્યું કે કોઈ પણ અધમ અવસ્થામાં પડેલા જીવને સુધારવાનું સાધન તિરસ્કાર નથી પણ અંતરનો સાચો પ્રેમ સાધન છે.

બાદ અનેક અવસ્થા અનુભવનાર આપણા ચોર શેઠજીએ, તેમની સ્ત્રી અને બાળકુમારી દીકરીએ પ્રભુશરણમાં સમર્પિત થવાનું નિર્ણીત કર્યું. શેઠજી સાધુના શિષ્ય બન્યા, પત્ની અને પુત્રી સાધુની બહેનના શિષ્યા બન્યા. લાખોની કિંમતવાળા બંગલામાં સાધુ-સંતોનો રોજ નિવાસ થતો. ત્યાં આ પાંચે જણ સંતોની સેવાનો આનંદ સાથે લૂંટતા હતા. આમ એક ગુણી આત્માએ અનેકની જિંદગી સુધારવા નિમિત્ત આપ્યું અને કૃતજ્ઞી ચોરે પોતાના ઉપકારનો પ્રત્યુપકાર પૂર્ણપણે વાળી બતાવ્યો

મળેલ સામગ્રીનો સદુપયોગ પરોપકારમાં જ છે, જ્યારે ભોગમાં તો તેનો નાશ જ હોવાથી દુરુપયોગ જ છે. સજ્જનો પાસે આવેલાને પોતાના સુપરિમલથી આ રીતે અગરબત્તીની માફક સુવાસિત બનાવે છે, અપકાર ઉપર ઉપકાર કરતાં અનેકના અંતર્ચનો ઉઘડી જાય છે, મિથ્યા માર્ગમાં રહેલાઓમાં આવી કુનેહ અને કૃતજ્ઞતા હોઈ શકે તો સમ્યગ્ મોક્ષમાર્ગમાં રહેલાઓમાં તો તે કેવા ચઢીઆતાં હોવા ઘટે તે આ દૃષ્ટાંત બતાવે છે.

મુદ્રક : સાધના મુદ્રણાલય :: દાણાપીઠ–ભાવનગર.